e-ISSN : XXXX XXXX
Volume-2, Issue-1 : January-March, 2021

# બાળશિક્ષણના સાથી રમકડાં

ડૉ. ભાવેશ માલ્યાવંશી

**Received : 13-03-2021** **Published Online : March-2021** **Accepted : 22-03-2021**

રમકડાં અને રમતો બાળકના શિક્ષણમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. બાળકો વાંચવા, સાંભળવા અને સમજવા કરતાં જોઈને અને પ્રવૃત્તિ કરીને સારી રીતે શીખે છે. બાળકો માટે રમવું એ ખૂબ મહત્ત્વનું કાર્ય છે. રમતનું મુખ્ય કાર્ય તો બાળકને વિશ્વ સાથે અનુકૂલન સાધવામાં મદદરૂપ થવાનું છે. બાળકો રમત રમીને વાસ્તવિક જગતને જાણે છે. તેઓ રમત રમીને વાસ્તવિકતાનો સામનો કરવાનું શીખે છે. એટલું જ નહી પરંતુ તેઓ ભાષા અને વિચારોનું ચણતર પણ કરે છે. રમતો દ્વારા બાળક વિવિધ સામાજિક ભૂમિકાઓ પણ ભજવે છે. રમત રમીને તેઓ એવા પ્રોત્સાહકોને શોધી લે છે જે વાસ્તવિક જીવનમાં સરળતાથી પ્રાપ્ત થતા નથી. રમકડાં રમવાથી બાળક સ્વયં-નિયમન શીખે છે તથા પોતે નિયમો બનાવતાં શીખે છે અને એ નિયમોને પાળતાં પણ શીખે છે. રમકડાં દ્વારા તેઓ એવી બાબતોને અનુભવવાનો, સમજવાનો તથા શીખવાનો પ્રયત્ન કરે છે કે જે વાસ્તવિક જીવનમાં શક્ય બનતું નથી. રમકડાં અને રમતો બાળકો વિના અધૂરાં છે, એમના દ્વારા રમકડાં અને રમતોને એક અર્થ મળે છે. રમકડાં રમવું એ ખૂબ જ અગત્યનું કાર્ય છે. કારણ કે એમાં કલ્પનાશકિતનો ઉપયોગ થાય છે. જે પરિસ્થિતિ શરૂઆતમાં કલ્પનામય હોય છે એ પરિસ્થિતિ બાળકને નિયમો બનાવતાં શીખવે છે. બાળકો જ્યારે નાનાં હોય છે ત્યારે તેમના કાલ્પનિક મિત્રો પણ હોય છે. આ પ્રક્રિયા કે જેને રમતના નામથી ઓળખવામાં આવે છે એ સામાન્ય રીતે વિકાસનું સ્પરૂપ છે અને બાળકને વિકસવામાં મદદરૂપ થનાર પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ તેમના માનસિક સ્વાસ્થ્યની જાળવણી કરે છે. તેમને લાગણી ભરેલ સંબંધોને સ્થાપવામાં મદદરૂપ થાય છે. રમકડાં અને રમતોને શિક્ષણ, ઈતિહાસ, ભૂગોળ, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, રાજનીતિ, ઉદ્યોગ અને પ્રવાસન સાથે નજીકનો સંબંધ છે. ટૂંકમાં, રમકડાંને આપણી સંસ્કૃતિ સાથે સંબંધ છે. રમકડાં એવા બાળકને પણ હોશિયાર બનાવી શકે છે કે જે Psychological DisorderLkku સામનો કરી રહ્યું છે. તો આજે આપણે રમકડાં તથા રમતોની ચર્ચા કરીશું.

ચાવીરૂપ શબ્દો : રમવું, રમકડું, બાળશિક્ષણ, મૂલ્યશિક્ષણ

## પ્રસ્તાવના :

માનવીય લાક્ષણિકતાઓમાં વિકાસ અને પરિવર્તન મોટે ભાગે શિક્ષણ દ્વારા શક્ય બને છે. બાળકની આંતરિક ક્ષમતાઓને મજબૂત કરવા તથા વ્યકિતત્વનો વિકાસ કરવામાં શિક્ષણનું મહત્ત્વ સવિશેષ છે. એનો સીધો અર્થ એ થાય છે કે આપણને કેળવણીકારો તથા કેળવણી માટેના વાતાવરણની અનિવાર્યપણે જરૂર છે. રમકડાં અને વિવિધ પ્રકારની રમતો કેળવણીકારોને કેળવણી માટેનું વાતાવરણ ઊભું કરવા માટે મદદ કરે છે. બાળકના વિકાસમાં ફાળો અપનારા બે મહત્ત્વનાં અંગો એટલે રમકડાં અને રમતો. એટલું જ નહીં પણ રમકડાં અને રમતો મૂલ્યશિક્ષણ આપવામાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. રમકડાં દ્વારા બાળકમાં વિવેક-બુદ્ધિ અને સંવેદનાનો વિકાસ થાય છે. રમકડાં બાળકમાં એક એવી પ્રેમાળ વ્યકિતને વિકસાવે છે કે જે સ્વ-નિયંત્રિત હોય છે. એ સંશોધનના તારણ પ્રમાણે જે બાળકો રમત રમે છે તેઓ વધુ રચનાત્મક, સરળ અને સામાજિક બને છે. રમતો તથા રમકડાં હકારાત્મક વર્તનને વેગ આપે છે અને નકારાત્મક વર્તનને નાબૂદ કરે છે. જોકે એ આપણી

રમકડાંની પસંદગી પર નિર્ભર હોય છે કે આપણે બાળકને હકારાત્મક વર્તનવાળું બનાવવું છે કે નકારાત્મક. ઉદાહરણ તરીકે, તીર-કામઠાં કે બંદૂકનું રમકડું બાળકને હિંસક વિચારો આપવાની શક્યતા ધરાવે છે, જ્યારે પ્રાણી કે ઢીંગલીનું રમકડું બાળકને સંવેદનશીલ બનાવવાની શક્યતા ધરાવે છે.

રમકડાં અને તેનું મહત્ત્વ :

બધી જ સંસ્કૃતિઓમાં રમતો અને રમકડાંનું વિશેષ મહત્ત્વ છે. રમકડાંનો ઈતિહાસ માનવ ઈતિહાસ જેટલો જ જૂનો છે. બાળકને શીખવામાં પડતી મુશ્કેલીઓને દૂર કરવા માટે રમતો અને રમકડાંને અચૂક સાધનો ગણવામાં આવ્યાં છે. નર્સરીમાં ગવાતાં ગીતો અને સંવાદવાળી રમતો ખૂબ અગત્યની છે. આપણા ઈતિહાસમાં પણ રમકડાંને અનેરું સ્થાન આપવામાં આવ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં પણ રમત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. બાળક વાંચન, શ્રવણ અને ઉદ્‌બોદન કરતાં જોઈને તથા કોઈ પ્રવૃત્તિ કરીને વધારે શીખે છે. આપણે રમકડાંનુ વર્ગીકરણ પાંચ પ્રકારોમાં કરી શકીએ.

(૧) હલનચલન કરતાં રમકડાં (૨) શોધખોળ અથવા કોયડાવાળાં રમકડાં (૩) કલ્પનાશકિત વધારતાં રમકડાં (૪) સંવેદના અને વિચારશકિત વધારતાં રમકડાં (૫) અનુકરણ કરાવીને શીખવામાં ઉપયોગી થતાં રમકડાં. ઉપર મુજબનાં રમકડાં બાળકના શ્રેષ્ઠ વિશ્વાસુ મિત્રો છે. બાળકો ઘણીવાર રમતમાં માતા-પિતાનાં પાત્રોને ભજવતાં હોય છે. આ પ્રક્રિયા દ્વારા તેઓ એવી સમજણ કેળવે છે કે ભવિષ્યમાં તેમણે આ પાત્રોને વાસ્તવિક જીવનમાં ભજવવાનાં છે. આવી રમતો અને રમકડાં તેમના માનસિક સ્વાસ્થ્યને નીરોગી રાખે છે. રમત આપણને એવું વાતાવરણ પૂરું પાડે છે કે જ્યાં આપણે બાળકને ચોખ્ખાઈ રાખવા, એકબીજાને મદદ કરવા, પ્રામાણિક બનવા તથા સર્વેને સન્માન અને પ્રેમ આપવા માટે પ્રેરણા આપી શકીએ.

રમકડાં રચના વિશે :

રમકડાં જે નાનાં બાળકો દ્વારા રમાય છે એ મોટા વ્યકિતઓ દ્વારા બનાવાય છે, એટલે આપણે એમ કહી શકીએ કે તે આપણા દેશની કલ્પના છે. રમકડાં દરેક બાળક સાથે સમાન ભાષામાં વાર્તાલાપ કરે છે. ઢીંગલી બાળકને સંવેદનશીલ બનાવે છે. સૈનિકની પ્રતિકૃતિ દેશભક્તિ તથા સન્માનની ભાવના જન્માવે છે. પવનચક્કીની પ્રતિકૃતિ, રોબોટનું રમકડું વગેરે બાળકમાં મદદ તથા સેવા કરવાની વૃત્તિ વિકસાવે છે. બાળકો કાગળનું વિમાન ઉડાડતાં હતાં, એ વિમાને હવે ડ્રોનનું સ્વરૂપ ધારણ કરીને વસ્તુને લોકોના ઘર સુધી પહોંચાડવાનું કામ શરૂ કરી દીધું છે.

ઈલેક્ટ્રિક રમકડાંની મર્યાદા :

હાલનાં વર્ષોમાં ઈલેક્ટ્રિક રમકડાંનું ગાંડપણ વધ્યું છે. આ પ્રકારનાં રમકડાં આનંદ તો આપે છે પરંતુ બાળકની નિર્ણયશકિતને ઈજા પહોંચાડે છે. આવાં રમકડાં પોતે પોતાનું કામ કરે છે અને બાળક તેને માત્ર જોઈને આનંદ મેળવે છે. ટૂંકમાં, આવાં રમકડાં બાળકને નવું સંશોધન કરવા કે વિચારવાનો પ્રયત્ન કરવા માટે તક આપતાં નથી. રમકડાં બાળકને ક્રિયા કરવાની, સંશોધન કરવાની અને પોતાનામાં રચનાત્મકતા લાવવાની તક પૂરી પાડતાં હોવાં જોઈએ. એટલે ઈલેક્ટ્રિક રમકડાં ખરેખર સ્માર્ટ છે કે કેમ તે એક પ્રશ્ન છે.

રમકડાં રમવાની પ્રવૃત્તિની નિષ્પત્તિઓ :

બાળકને રમકડાં સાથે એક અદ્‌ભુત નાતો રહ્યો છે. ઘણીવાર કાગળનું વિમાન રમનારું બાળક ભવિષ્યમાં પાયલટ બની જાય છે. આમ, રમકડાંની હકારાત્મક અસર તો હોય જ છે પણ ક્યારેક નકારાત્મક અસર પણ થતી હોય છે.નક્કી આપણે કરવાનું છે કે આપણે બાળકને કયું રમકડું અને કેવી અસર આપવી છે. રમકડાં એ

બાળકના ભવિષ્ય માટેનું મહત્ત્વનું રોકાણ છે. હવે આપણે રમકડાં તથા રમત રમવાની કેટલીક નિષ્પત્તિઓને વાગોળીશું, જે નીચે પ્રમાણે છે.

(૧) રમત બાળકને જગતની જટિલતામાંથી મુક્તિ અપાવે છે.
(૨) બાળકને પોતાનું જગત બનાવવાની અને વિસ્તારવાની તક આપે છે.
(૩) રમત દ્વારા બાળક પોતાની ક્ષમતાઓને વધારે છે.
(૪) તેઓ વાસ્તવિક જીવનના અનુભવોનું અનુકરણ કરે છે.
(૫) રમકડાં તથા રમતની અવગણના કરવી એટલે બાળકના વિકાસની અવગણના કરવી.

ઉપસંહાર :

આમ, વર્તમાન સમયમાં જ્યારે બાળકને શીખવામાં પડતી મુશ્કેલીના ઉકેલ માટે માણસ ગૂગલ પાસે જાય છે ત્યારે હું કહીશ કે એ બાળકોની દરેક પ્રકારની મુશ્કેલી-નિવારણ માટેનો પર્યાય રમકડાં અને રમત છે. રમતો નૈતિક-શિક્ષણ તથા મૂલ્યશિક્ષણ માટે પણ સગવડભર્યું વાતાવરણ પૂરું પાડે છે.

સંદર્ભ :

(૧) Siegel, D., Payne Bryson, T.(2012). The Whole-Brain Child: 12 Proven Strategies to Nurture Your Child's Developing Mind. United Kingdom: Little, Brown Book Group.
(૨) Siegel, D.J., Bryson, T.p.(2014). No-Drama Discipline: The Bestelling Parenting Guide to Nurturing Your Child's Developing Mind. Australia: Scribe Publications Pty Limited.
(૩) Siegel, D.D.J., Bryson, T.P. (2018). The Yes Brain Child: Help Your Child be More Resilient, Independent and Creative. United Kingdom:Simon & Schuster UK.

-----